DATE :- 06-06-2026

DIVYA BHASKAR, PAGE-2, SURAT

# ઉપ મુખ્યમંત્રી : ઈન્ટરનેશનલ એરપોર્ટ, મેટ્રો, ડાયમંડ બુર્સ PMના ડ્રીમ પ્રોજેક્ટ



હર્ષ સંઘવીએ કહ્યું કે, વડાપ્રધાનને મજબૂત સુરક્ષા કવચ મળવું જોઈએ. સુરત મનપા વેસ્ટ વોટરના રિસાયકલથી વર્ષે 140 કરોડ કમાય છે. તેમના નેતૃત્વમાં 4 કરોડ ઘર, 10 કરોડ શૌચાલય બન્યા છે અને 25 કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે. સુરતમાં ઈન્ટરનેશનલ એરપોર્ટ, મેટ્રો રેલ કે પછી વિશ્વનું સૌથી મોટું ઓફિસ બિલ્ડિંગ 'સુરત ડાયમંડ બુર્સ હોય... વડાપ્રધાન મોદીના આ તમામ ડ્રીમ પ્રોજેક્ટ્સ રહ્યા છે. સુરતનો વેપારી અને ડાયમંડ કિંગ આજે દુનિયાના કોઈપણ ખૂણે ગર્વથી કહી શકે છે કે તે નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારત'ના ગ્રોથ એન્જિન એવા સુરત શહેરનો વતની છે. ગૃહમંત્રી તરીકે હું ગર્વ સાથે કહી શકું છું કે, વડાપ્રધાનના માર્ગદર્શન હેઠળ આજે ગુજરાત અને ખાસ કરીને આપણું સુરત દેશમાં સૌથી સુરક્ષિત બન્યાં છે. સુરત એક એવું શહેર છે જ્યાં આપણી દીકરીઓ, માતાઓ-બહેનો મોડી રાત્રે ગમે તેટલા વાગ્યે પણ નિર્ભય થઈને સુરક્ષિત રીતે હરી-ફરી શકે છે.